# જિન ઋષભની કેશવલ્લરી સંબંધ બે અપ્રગટ સ્તોત્રો

**અમૃત પટેલ**

પ્રથમ તીર્થનાથ શ્રીઋષભદેવે જ્યારે પ્રવ્રજ્યા ગ્રહણ કરી ત્યારે ઇન્દ્રની પ્રાર્થનાથી પંચમમુષ્ટિથી કેશલોચ કર્યો નહિ : અને કેશછટા એમના સ્વર્ણિમ સ્કંધપ્રદેશ પર શ્યામલ કુંતલ લટો રૂપે લહેરાવવા લાગી.

આ કેશ-લટો વિષે અભિનવ ઉત્પ્રેક્ષા, કલ્પનાવૈભવ, અને ભાષાની પ્રાસાદિકતા તેમ જ પ્રૌઢ કવિત્વ ધરાવતા બે અપ્રકાશિત સ્તોત્રકાવ્યો રજૂ કર્યાં છે. તેમાં પહેલું છે **ઋષભકુંતલ-પંચવિંશતિકા.** અને બીજું છે **ઋષભકુંતલ અષ્ટક. અષ્ટક** અને **પંચવિંશતિકા**ની પ્રતિઓ લા૰દ૰ભા૰સં૰ વિદ્યામંદિરના હસ્તપ્રતભંડારની છે. યથા :

**ઋષભકુંતલ અષ્ટક** લા૰દ૰ મે૰સૂ૰ ૫૮૫૨/૨

**ઋષભકુંતલ દ્વાત્રિંશિકા** લા૰દ૰ મે૰સૂ૰ ૨૨૨૫૫ પત્ર ૧.૨ ૨૬x૧૧ સે૰મી૰

લા૰દ૰ મે૰સૂ૰ ૩૫૨૪ પત્ર ૨ ૨૬x૧૧ સે૰મી૰

વસંતતિલક વૃત્તમાં રચાયેલ **અષ્ટક** અજ્ઞાતકર્તૃક છે, અને શાર્દૂલવિક્રીડિત છંદમાં **પંચવિંશતિકા.**જેના કર્ત્તા વિષે જોકે સ્પષ્ટતા થયેલી નથી. પરંતુ ૨૪ / ૨૫માં પદ્યમાં આવતા **વિબુધપ્રભુત્વ** શબ્દમાંથી શ્લેષાત્મક રીતે 'વિબુધપ્રભસૂરિ' એવું કર્તૃ-અભિધાન ઉદ્ભવી શકે. ઉપરાંત લા૰દ૰ સંગ્રહ હ૰પ્ર૰નં૰ ૨૨૨૫૬ ભેટસૂચિ પુષ્પિકામાં **પંચવિંશતિ**ના કર્ત્તા તરીકે વિબુધપ્રભસૂરિ વર્ણવ્યા છે.

વિબુધપ્રભસૂરિ નામે બે આચાર્યોના ઉલ્લેખો થયેલા જોવા મળે છે. એક તો ચંદ્રગચ્છના[1] વિબુધપ્રભસૂરિ તથા બીજા નાગેન્દ્રગચ્છના વિબુધપ્રભસૂરિ. આ બન્નેના શિષ્યોએ ગ્રંથો રચ્યાના[2] ઉલ્લેખો મળે છે, પરંતુ તેઓ બેમાંથી એકેયની રચેલી કૃતિ હોય એવો નિર્દેશ મળતો નથી[3]. જો આ બેમાંથી કોઈપણ એક વિબુધપ્રભસૂરિ હોય તો **પંચવિંશતિકા**નો રચનાસમય ૧૩મી સદી (ઉત્તરાર્ધ ?) ગણાય. **અષ્ટક**નો સમય પણ ૧૩મી શતાબ્દીથી તો અર્વાચીન લાગતો નથી.

**પંચવિંશતિકા**માં કેશલતાને અલગ અલગ પદાર્થરૂપે રજૂ કરી છે. જેમકે ૧) હૃદયમાં બળતા ધ્યાનદીપની ધૂમ્રસેર; ૨) નજર ઉતારવા માટે નીલવર્ણ વસ્ત્રખંડ; ૩) રાજ્યરથ ધુરાનો વ્રણ-ગણ; ૪) લક્ષ્મી પ્રેષિત ભ્રમર સમૂહ; ૫) સંસારસાગર ઊતરતાં સ્કંધે ચોરેલી શૈવલ-વલ્લરી; ૬) ધ્યાનાગ્નિનો ધૂમપટલ; ૭) મેઘ; ૮) રાગાદિવિજયપ્રશસ્તિ; ૯) કેશલતાનું વિશ્વવૈભવનિધિનું સૂચન; ૧૦) કાળોતરો નાગ; ૧૧) આમ્રપર્ણ; ૧૨) શ્રી શારદનો ગૃહ સમાન વદનની આસપાસનું ઉપવન; ૧૩) ડરી ગયેલો અંધકાર; ૧૪) ભ્રમર અને ચંદ્રકલંકનું એકત્ર રહેવું; ૧૫) શ્રવણયુગલમાં પ્રવેશવા માટે સંકોચાઈ ગયેલો સમુદ્ર; ૧૬) મુખકમલના કંઠ-નાલની આસપાસનો પંક; અથવા મુખરૂપ ચંદ્રની પાછળ પાછળ આવેલી પત્ની રાત્રિ; ૧૭) પૂર્વમિત્ર ચંદ્રથી પણ વધુ આહ્લાદક મુખચંદ્રને જોવા માટે સંઘરૂપ પર્વત ઉપર ચઢી ગયેલી કુવલય શ્રેણિ; ૧૮) ત્રિભુવનજનની નજરોથી પીવાતાં છતાં મુખ-જ્યોત્સ્ના ઓછી ન થવામાં કારણરૂપ કૃષ્ણચિત્રક લતા; ૧૯) કૈલાસ પર્વત ઉપર ધ્યાનસ્થ શંકરની જટામાં રહેવાથી ઉન્મત્ત થયેલી ગંગાને જોઈ, વિમલાચલ વિભૂષણ ઋષભદેવના મસ્તક ઉપર કેશલતા રૂપે યમુના વસી છે; ૨૦) ગિરિરાજ શત્રુંજય એ ગજવર છે અને એમાં ચમકતી વીજળી યુક્ત મેઘ એ હેમ-મઢી ઝૂલ છે : તેમાં ઊંચા મંદિર એ અંબાડી છે; તેમાં ધર્મરૂપી ધનુષ્ય છે. રાગદ્વેષ મોહ શત્રુઓ જીતવાના છે માટે ઋષભદેવે સ્કંધ પીઠે બે ભાથા રૂપે કેશકલાપ ધારણ કરેલ છે; ૨૧-૨૨) કપોલરૂપી ચંદ્રયુગલનાં બે મૃગલાઓ દીક્ષાસમયે ધર્મચક્રમાં આવી વસ્યા છે કારણ કે તેઓ ઊંચા સ્કંધપ્રદેશમાં પથરાયેલી કેશ-લતા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રૂપી જાલ, બે કર્ણકલિકા રૂપી પાશથી ડરે છે (૨૩).

ઋષભદેવના કર્ણપ્રદેશ આસપાસ દેવેન્દ્ર વગેરેની સ્તુતિઓ બેસુમાર સુધા વર્ષાવે છે. આથી જ સ્કંધસ્થલ ઉપર કેશકલાપ રૂપે પાવન દૂર્વાવન ઊગ્યું છે.

આમ હે ઋષભપ્રભુ, જેઓ સમયે સમયે આપના આ કુંતલવર્ણન-સ્તવનનું રટણ કરે છે તે ઇન્દ્રત્વ આદિ વૈભવને પામ્યા પછી શિવપદને પણ પામે છે.

હવે **ઋષભકુંતલ-અષ્ટક**માં આવતી ઉત્પ્રેક્ષાઓ વિષે જોઈએ :

૧. ઋષભદેવના સ્કંધપ્રદેશ ઉપરનો શ્યામ કેશકલાપ મોહરાજ, કામદેવ, અને માનગજની વિજયપ્રશસ્તિ રૂપે શોભી રહ્યો છે;

૨. ઋષભદેવનું મુખ એ કમલ છે અને તેની સુગંધથી લુબ્ધ ભ્રમરગણ કેશ-પાશ રૂપે તેની આસપાસ ભમી રહેલ છે;

૩. ઋષભદેવનું હૃદય એ ગૃહ સમાન છે અને કેશલતા એની ઉપર શોભતી વંદનમાલિકા (તોરણ) સમાન છે;

૪. ઋષભદેવના અંતઃકરણમાં તો ધ્યાનાગ્નિ પ્રજ્જ્વલે છે માટે જ તેમાંથી ઊઠતી ધૂમ્રશ્રેણી કેશછટા રૂપે બહાર આવે છે;

૫. સંયમના ભારથી ઋષભદેવના સ્કંધ ઉપર જ ઘા પડ્યા તેના ઘસરકાની કાલિમા ઊપસી, તે જાણે કે કોમલ કેશલતા રૂપે શોભે છે;

૬. ઋષભદેવનો દેહ સુવર્ણ વર્ણો છે અને કેશલતા શ્યામવર્ણી છે, તે જાણે કે મેરુની નજીક રહેલ મેઘરાશિની શોભાને પરાસ્ત કરે છે.

૭. લાગે છે કે બ્રહ્માએ ચંદ્ર-બિંબને શુદ્ધ કર્યા પછી જ ઋષભદેવનું મુખ સર્જ્યું છે. કારણ કે ચંદ્રની કલંક-રેખાઓ ત્યાં કેશલતાની છાયા રૂપે પડે છે.

૮. ઋષભદેવના વિગ્રહ-રૂપી ગ્રહ(શરીર રૂપી સંગ્રામ)માં શ્રેષ્ઠ સંયમરૂપી લક્ષ્મી આશ્રય કરે છે. તેને ક્રીડા કરવા માટે મરકત-રત્નની બનેલી ભૂમિ સમાન સ્કંધપ્રદેશ ઉપર કેશલતા શોભે છે.

આમ ઋષભદેવનાં કુંતલ વિષેની આ બન્ને લઘુકૃતિઓમાં ઉત્પ્રેક્ષા સુંદર રીતે વ્યક્ત થાય છે.

---

**ટિપ્પણો :**

૧. તેમના શિષ્ય પદ્મપ્રભસૂરિએ પ્રાકૃત ભાષામાં **મુનિસુવ્રતચરિત્ર**ની રચના સંવત ૧૨૯૪ / ઈ૰ સ૰ ૧૨૪૮માં કરી હતી. જુઓ **જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ,** મોહનલાલ દલિચંદ દેસાઈ, મુંબઈ ૧૯૩૧, પૃ૰ ૪૬૯.

૨. તેમના શિષ્ય ધર્મકુમારે **શાલિભદ્રચરિત** સંવત્ ૧૩૩૯ / ઈ૰ સ૰ ૧૨૭૮માં રચ્યું હતું.

૩. આચાર્ય પ્રદ્યુમ્નવિજયસૂરિએ તાજેતરમાં ડા૰ જિતેન્દ્ર શાહને ઉદયપ્રભસૂરિ-શિષ્ય વિબુધપ્રભસૂરિની એક કૃતિ, **વ્યાખ્યાપ્રજ્ઞપ્તિસૂત્રસ્તુતિ,** તેમને પ્રાપ્ત થયાનું જણાવ્યું છે. આ ઉદયપ્રભસૂરિ તે વિખ્યાત નાગેન્દ્રગચ્છીય વિજયસેન સૂરિના શિષ્ય નહીં પણ **વાસુપૂજ્યચરિત્ર**ના કર્ત્તા વર્ધમાનસૂરિના શિષ્ય, નાગેન્દ્રગચ્છના જ, પણ અન્ય ઉદયપ્રભસૂરિ હોવાનો સંભવ છે. એમ હોય તો એમનો સમય ઈસ્વી ૧૩મી સદી આખરી ચરણ માની શકાય.

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ऋषभकुंतल पंचविशंतिका
### ( शार्दूलविक्रीडित )

चञ्चत्पञ्चममुष्टिकुंतलततिः प्राचीपति प्रार्थनाऽ
नुत्खाता तव राजति श्रवणयोः पार्श्वे युगादिप्रभो ! ।
स्नेहद्रोहसमिद्धमानहृदयध्यानप्रदीपोद्भवा
सज्जेवाऽञ्जनमञ्जरीश्रुतियुगद्धाभ्यां विनिर्गत्वरी ॥१॥

श्रीनाभेय ! भवान् नवाभ्युदयिनः श्रीधर्मभूमीपतेः
प्रासादेऽभिनवोऽस्ति सर्वभुवनप्रीत्यै धृतः स्वस्तिकः ॥
स्कंधे तच्चिकुरच्छलादुभयतो दृग्दोषमोषक्षमा
नीलीचर्चितचीरखंडयुगलीलोलेयमालोक्यते ॥२॥

गोस्वामिन्नसहाय एव वृषभ-स्कंध-स्थलास्थायिनम्
त्वं प्राग् यं बिभरांबभूविथ महाधुर्यो युगादौ स्थितः ॥
भारे राज्यरथस्य तत्र भरत स्कंधार्ऽपिते कुंतल
व्याजादंसतटे तव व्रणकिणश्रेणिर्ध्रुवं दृश्यते ॥३॥

प्रव्रज्यां प्रतिपन्न-वत्सल ! जगन्नाथ ! प्रपद्य त्वया
किं त्यक्ताऽहमतीव विज्ञपयितुं संप्रेषिता पद्मया ॥
तद्गेहाम्बुरुहोपजीवनपरा स्वामिन् ! सुवाणिर्भवत्-
कर्णान्ते निभृता विभाति चिकुर-व्याजेन भृंगावलिः ॥४॥

क्षेत्रे श्रीभरतेऽत्र तत्रसमये केनाप्यतीर्णं पुरा
प्राक् संसारमहार्णवं प्रतरतः स्वामिँस्तव स्कंधयोः ॥
लग्ना शैवलवल्लरी ध्रुवमियं नीलाऽलकाऽलिच्छलात्
पश्चात् तीर्णवतामियं यदजिताऽऽदीनां तु नो व्यज्यते ॥५॥

श्रीमन्नाभिनरेन्द्रपुत्र ! भवतो हृन्मध्यभागे सदा
शुद्धध्यानधनंजयस्य दहतः कर्मद्रुमाणां वनम् ॥
प्रोन्मीलत्कुटिलाऽलकाऽऽवलि-लता व्याजेन निर्जग्मुषी
रेजे ध्यामलधूमधोरणिरियं श्रोत्रद्वयद्वारतः ॥६॥

क्षीयेऽहं बहिरंगवायुपटलेनाऽपि त्वया नु प्रभो ।
यस्याभ्यंतरवायुरप्यनुचरो योगायितं जन्मनः ॥
तन्मे वायुजयं वदेति जलदः प्रष्टुं कचच्छद्मना
कर्णान्ते स्थितवान् परोपकरणक्रीडासनीडस्तव ॥७॥

स्वामिन् यद् भवता व्रतं कलयिता सामायिकास्त्रोर्ज्जितैः
रागद्वेषमहाभटद्वयपराभूतिः समासूत्र्यते
तेनेयं मरूदेवि-संभव ! तव स्कंधोपरिष्टात् कच -
श्रेणी संतनुते प्रशस्ति-युगली सख्यं मषीवर्णभाक् ॥८॥

त्रैरत्नी-त्रिपदी-त्रिकालविषयज्ञान-त्रिलोकाद्भुत-
स्वामिन् वप्रभृतिच्छदत्रयभृतः सद्ब्रह्मवृक्षस्य ते ॥
श्लिष्ट-स्कंधतटाः शिरोरुहजटाः पुण्यैकलभ्यं सदा
पादाधः स्थितविश्ववैभवनिधिं संसूचयन्ति प्रभो ! ॥९॥

सन्मार्गं व्रजतां सतामभिमुखी-भूत स्त्रिलोकीवधू-
शीर्षालंकरणं शिवाय भवसि त्वं पूर्णकुंभः प्रभो ! ॥
पूर्णस्य प्रशमामृतेन भवतः कर्णोपकंठे लुठत्
केशौघ-व्यपदेशतो विलसति श्रीवृक्ष-पत्रावलिः ॥१०॥

त्वं स्वामिन् ! परितापहृत् ! त्रिजगतामानंदनश्चंदनः
कुंडं ज्ञानसुधारसस्य सुगुणश्रेणीमणीनां निधिः ॥
युक्तं त्रिष्वपि रूपकेषु भवतः कचानां कुलम्
नीलाम्भोजविभं निलीनफणभृद्भृंगीनिभं गीयते ॥११॥

दोर्दण्डद्वयदंभतोरणमहास्तंभाग्र जाग्रद्-गुरु-
स्कंधप्रोन्नतकुंभकोटिविलसत्केशौघचूतच्छदः ॥
वक्त्रांभोरुहविभ्रमभ्रमदलिव्याजोल्लसत्तोरण-
स्त्रग्रम्योऽद्भुतसिद्धिसौधपुरतो द्वारायसे त्वं प्रभो ! ॥१२॥

स्मेरत्पक्ष्मकपाटनेत्रयुगली वातायनं प्रांतयोः
स्कंधाऽऽक्रीडनगोपरि श्रुतिलता-व्यालंबि दोलाद्वयम् ॥
वक्त्रं गौर-कपोल-भित्ति भवतो वाग्देवता-पद्मयोः
क्रीडा-सौधमुपान्तयोरुपवनप्रायोल्लसत्-कुंतलम् ॥१३॥

त्वद्वक्त्रस्य सुधारुचेः पुर इह स्थातुं न शक्तो द्विषा
मप्याह्लादमस्य चारिमगुणं व्यालोकितुं चोत्सुकः ॥
उच्चैः स्कंधगिरीन्द्रयोरुभयतो भीत्या निलीय प्रभो !
मन्ये श्यामल-कुंतल-स्थलमुपादायांधकारः स्थितः ॥१४॥

योगिन्नाननकानने सुरभिणि द्योतिःप्रधाने तव
त्यक्त्वा शाश्वत-मत्सरं निवसतः पाथोज-चंद्रश्रियौ ॥
तस्मिन् शुद्धिभृति प्रसंगमनयोरप्राप्नुवंतौ ध्रुवम्
पर्यन्ते चिकुरस्थलेन मधुपश्रेणीकलंकौ स्थितौ ॥१५॥

"नित्यं कांतिकलः कलङ्कविकलस्त्वद्वक्त्रचंद्रो यथा
देव ! त्वं वद तादृशः कथमयं मत्पुत्रचंद्रो भवेत्"
एवं प्रष्टुमिवाभितः श्रुतियुगं संकुच्य कल्लोलिनी-
कान्तः कुंतलकैतवादुपययौ गांभीर्यमंत्रं तव ॥१६॥

सौरभ्यातिशयेन ते यदि मुखं श्रीसद्म-पद्मं, स्फुरत्-
द्योतिः पाथसि कंठनालमभितः पंकंति तत्कुंतलाः ॥
विश्वाह्लादि-विभावशाद् यदि मुखं चंद्रोऽथ तत्पृष्ठत-
स्तत्कान्ता चिकुरच्छलेन रजनिः केनाऽत्र नो मन्यते ॥१७॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

स्वामिँस्त्वन्नयनाद्भुताद्भुततमश्री-निर्जिता लज्जया
न स्थातुं पुरतः क्षमा कुवलयश्रेणिर्निलीय ध्रुवम् ॥
प्राग्मित्रीकृतचंद्रतोऽप्यतिसुखं द्रष्टुं त्वदीयं मुखम् ।
प्रान्तस्कंधशिलोच्चयोपरि समारूढा शिरोजच्छलात् ॥१८॥

नित्यं मानवदेवदानवदृशां व्यूहेन लेह्याप्यसौ
श्रीनाभेय ! भवन्मुखौषधिपतेर्ज्योत्स्ना कथं क्षीयताम् ॥
यस्मादत्र जगत्त्रयी-परिवृढ ! प्रान्तद्वये कुंतल-
व्याजाद् राजति कृष्ण-चित्रकलताजालप्रवालावलिः ॥१९॥

आलोक्य त्रिदिवापगां परिलसत्-कैलाशशैलाशनाऽ
ध्यासीनस्य वृषध्वजस्य शिरसि प्रेंखोलनादुन्मदाम् ॥
संहर्षादिव देव ! ते रविसुता मूर्धानमासेवते
केशश्रेणिमिषाद् वृषाङ्क ! विमलक्ष्माभृत्-तटीमंडनम् ॥२०॥

श्रीशत्रुंजय एष कुंजरवरः प्रोद्दामसौदामिनी-
श्लिष्टाम्भोद-मिषेण हेमखचितप्रत्यङ्गरङ्गद्गुडः ॥
तत्रोच्चैस्तर चैत्यकोष्टकगतो धर्मं दधानः प्रभो ! ।
विश्लिष्यद् विषमेषुमद्भुतगुणं त्वं नाभिभूतो भटः ॥२१॥

दृष्ट्वा कुंतलदंभतोऽसतटयो स्त्वत्पृष्ठबद्धोल्लसत् -
तूणीरद्वयबाणसंचयशिखा संदोह पिच्छच्छविः ॥
जेतव्यस्तव सज्जित स्त्रिभुवनद्रोहश्च मोहः स्फुरन्
राग-द्वेष-कषायपंचविषयप्रायः प्रवीरै र्वृतः ॥२२॥ युग्मम्

उच्चांऽसस्थलसंस्थकुंतललताजालप्रवालश्रित-
प्रत्यासन्नविलोलकर्णलतिका-पाशद्वयत्रासतः ॥
देव ! त्वत्क-कपोल चंद्रयुगलस्यैणौ प्रणस्य ध्रुवम्
त्वद्दीक्षा-रसिकौ स्थितौ पुर इमौ श्रीधर्मचक्रान्तिके ॥२३॥

अश्रान्तं विबुधप्रभुप्रभृतिकत्रैलोक्यलोकस्तुति
र्वर्षन्ती परितः सुधां श्रवणयोः प्रान्ते तव स्फूर्जति ॥
तस्याः स्यन्दवशाद् दिवोद्गतमिदं स्वामिँस्तवांऽसस्थले
श्रीनाभेय ! शिरोजराजिमिषतो दूर्वावनं पावनम् ॥२४॥

एवं नाभितनूद्भव ! प्रतिलवं कृत्वा मनः सौष्ठवं
स्वामिन् ! वर्णित-कुंतलं तव नवं यः पापठीति स्तवम् ॥
प्राप्य प्राक् विबुधप्रभुत्व-विभवं मुक्त्वाऽथ दूरे भवं
संप्राप्नोति शिवं गलत्परिभवं निःश्रेयस-श्री-भवम् ॥२५॥

इति श्रीविबुधप्रभसूरिकृता
श्रीऋषभकुंतल स्तुतिः ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अष्टक

( वसंततिलका )

देवः स वः शिवमसौ तनुतां युगाद्यो
यस्यांसपीठलुलिता शितिकुंतलाली ॥
दोःस्तम्भयोरुपरि मन्मथ-मोह-दर्प-
जैत्र प्रशस्तिफलकश्रियमाश्रयेताम् ॥१॥

आदिप्रभोरनिशमंसतटीनिषण्ण-
केशच्छलेन परितो वदनारविन्दम् ॥
किं नीलिकादलमिदंतउपेयुषा वा
सद्गंधलुब्धमधुपावलिराविभाति ॥२॥

निःकासिताऽविरतियोषित बाहुदंभ[ ड ]-
स्तम्भोपरिस्थकिशलोपमकेशकांतिः ॥
श्रीनाभिजस्य हृदयावसथे विशन्त्या[ न्ती ]:
++++स्फुरति वंदनमालिकेव ॥३॥

एषा यदादिमजिनस्य शिरोरुहश्री-
रुद्धूतधूमलहरीव विभौ विभाति ॥
सद्ब्रह्मरूपमनुमेयमथेंधनेद्ध-
मन्तः स्फुरत्तदिह नूनमनूनर्मार्चिः ॥४॥

शंके पुरः स्फुरति कोमलकुंतलश्री-
दंभादमुष्य वृषभस्य विभोरभीक्ष्णम् ॥
स्कंधाधिरूढदृढसंयमभूरिभार-
व्यक्तीभवत्किणगणोल्बणकालिकेयम् ॥५॥

सैष प्रभुः कनकभङ्गनिभाङ्गयष्टि-
र्लोकम्पृणो न कथमस्तु यदंसदेशे ॥
मेरोरुपान्तविलसद्घनराजगर्व-
सर्वंकषा स्फुरति पेशल-केशलक्ष्मीः ॥६॥

मन्ये विशोध्य विधिरैंदवमेव बिम्बम्
श्रीनाभिपार्थिवभुवो मुखमुच्चकार ॥
तस्य ध्रुवं तदियमंतः निवेश-केश-
छायाच्छलादपतदङ्क-कलङ्क-लेखा ॥७॥

अंसस्थली चिकुर-कंचुकिता युगादि-
देवस्य विग्रहग्रहे विहिताश्रयायाः ॥
क्रीडाकृते मरकतोपलबद्धभूमि-
शोभां दधाति गुरुसंयमराज्यलक्ष्मीः ( लक्ष्म्याः ) ॥८॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org